# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી તા. ૩૦-૦૧-૨૦૨૨

સત્ય, અહિંસા, સર્વધર્મ સમભાવ સહિતના સિધ્ધાંતથી ભારત દેશની આઝાદી માટે નેતૃત્વ આપનાર પૂજ્ય મહાત્મા ગાંધીના નિર્વાણ દિન નિમિત્તે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા રાજીવ ગાંધી ભવન પટાંગણમાં "પ્રાર્થના સભા"માં કોંગ્રેસ પક્ષના સંગઠન પ્રભારી અને રાજસ્થાનના પૂર્વ આરોગ્ય મંત્રી ડૉ. રઘુ શર્માજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વપ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ, એ.આઈ.સી.સી. મંત્રી અને સંગઠન સહપ્રભારી ડૉ. બિશ્વરંજન મોહંતી, શ્રી જીતેન્દ્ર બઘેલજી, કોવિડ ન્યાય યાત્રાના રાષ્ટ્રીય સંયોજક શ્રી મનિષ શર્મા, ગાંધી વિચારકશ્રી ઉત્તમ પરમાર સહિતના મહાનુભાવોએ પૂજ્ય મહાત્મા ગાંધીના તેલચિત્રને પુષ્પાંજલી અર્પણ કરીને જોડાયા હતા.

રાજીવ ગાંધી ભવનના પટાંગણમાં સફેદ વસ્ત્રોમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરો - આગેવાનો સમક્ષ પૂજ્ય મહાત્મા ગાંધીની "ગાંધીવાણી" અને પૂજ્ય મહાત્મા ગાંધીના પ્રિય ભજનો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા અને સમગ્ર વાતાવરણ ગાંધીમય બન્યું હતું.

કોંગ્રેસ સેવાદળના રાષ્ટ્રિય અધ્યક્ષ શ્રી લાલજીભાઈ દેસાઈ, એ.આઈ.સી.સી.ના સોશ્યલ મીડીયાના અધ્યક્ષશ્રી રોહન ગુપ્તા, એ.આઈ.સી.સી.ના મંત્રી શ્રી સોનલબેન પટેલ, ધારાસભ્યોશ્રી શૈલેષભાઈ પરમાર, શ્રી અશ્વિનભાઈ કોટવાલ, શ્રી હિંમતસિંહ પટેલ, શ્રી ઈમરાન ખેડાવાલા, ડૉ. સી.જે. ચાવડા, શ્રી રૂત્વિકભાઈ મકવાણા, શ્રી અમરીશ ડેર, ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ શ્રીમતિ ગાયત્રીબા વાઘેલા, એ.આઈ.સી.સી.ના સહમંત્રીશ્રી લાલાભાઈ પટેલ, કોંગ્રેસપક્ષના નેતા શ્રી મૌલિનભાઈ વૈષ્ણવ, ડૉ. જીતુભાઈ પટેલ, શ્રી અશોક પંજાબી, શ્રી બાબુભાઈ માંગુકીયા, શ્રી કુલદીપ શર્મા, શ્રી નિશીત વ્યાસ, શ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, શ્રી હિમાંશુ પટેલ, ડૉ. મનિષ દોશી, શ્રી મંગલસિંહ સોલંકી, હેલ્થ - હોસ્પિટલ કમીટીના અધ્યક્ષશ્રી ભીખુભાઈ દવે, લીગલ સેલના અધ્યક્ષશ્રી યોગેશ રવાણી, એસ.સી. ડીપાર્ટમેન્ટના અધ્યક્ષશ્રી હિતેન્દ્ર પીઠડીયા, વિચાર વિભાગના અધ્યક્ષ ડૉ. જગદીશ ચૌધરી, સી.એ. સેલના અધ્યક્ષશ્રી મેહુલ પટેલ, શ્રી ભાવિન વ્યાસ, શ્રી નિકુંજ બલર, શ્રી હેમાંગ રાવલ, શ્રી કૃતાર્થ દવે, અમદાવાદ શહેર મહિલા કોંગ્રેસના પ્રમુખશ્રી હેતાબેન પરીખ સહિત ઉપસ્થિત રહી પૂજ્ય મહાત્મા ગાંધીના ચરણોમાં શત શત નમન કરીને પૂજ્ય મહાત્મા ગાંધીના સત્ય, અહિંસા, સર્વ ધર્મ સમભાવ સહિતના સિધ્ધાંતો ઉપર આગળ વધીને ભારત નિર્માણ માટે કાર્ય કરવાનો સંકલ્પ કર્યો હતો.

---

સત્ય, અહિંસા, સર્વધર્મ સમભાવ સહિત સિધ્ધાંતથી ભારત દેશની આઝાદી માટે નેતૃત્વ આપનાર પૂજ્ય મહાત્મા ગાંધીના નિર્વાણ દિન નિમિત્તે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા રાજીવ ગાંધી ભવન પટાંગણમાં ''પ્રાર્થના સભા'' બાદ પત્રકારો સાથે વાતચિતમાં કોંગ્રેસ પક્ષના સંગઠન પ્રભારી અને રાજસ્થાનના પૂર્વ આરોગ્યમંત્રી ડૉ. રઘુ શર્માજીએ જણાવ્યું હતું કે, પૂજ્ય મહાત્મા ગાંધીએ વિશ્વને સત્ય, અહિંસા, સર્વધર્મ સમભાવના મહાન સિધ્ધાંતો આપ્યાં. આજે અમે સંકલ્પ લીધો છે કે જે વિચારધારા જાતિ - ધર્મના આધારે વહેંચવાનું કામ કરે છે તેની સામે કોંગ્રેસજન લડત આપશે. આ દેશની એકતા અને અખંડિતતા ત્યારે જ સાચવી શકીશુ જ્યારે બધા ધર્મોને સન્માનથી સાથે રાખીશુ. દેશમાં શાંતિ અને ભાઈચારાનું વાતાવરણ હશે ત્યારે જ રાષ્ટ્ર એક રહેશે પ્રગતિ કરશે. દુઃખ અને દુર્ભાગ્યની વાત એ છે કે આજે દેશમાં એ તાકાતો સત્તા સ્થાને છે જે ગાંધીજીના વિચારોથી વિપરીત એજન્ડા લઈને ચાલે છે. ચૂંટણી તેની જગ્યાએ છે પણ દેશ બચાવોની લડાઈ લાંબી છે. તાકાત વાન દેશોએ પણ માન્યું છે કે, દુનિયામાં શાંતિનો - પ્રગતિનો કોઈ રસ્તો હોય તો તે ગાંધીજીના વિચારોનો રસ્તો છે. જે તાકાતો ગાંધી વિચારધારાને બદલવા માંગે છે તે તાકાતો સામે કોંગ્રેસ પક્ષ લડાઈ લઈ રહી છે અને તે લડાઈ મજબુતાઈથી કોંગ્રેસ પક્ષ લડશે.

સત્ય, અહિંસા સિધ્ધાંતથી ભારત દેશની આઝાદી માટે નેતૃત્વ આપનાર પૂજ્ય મહાત્મા ગાંધીના નિર્વાણ દિન નિમિત્તે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા રાજીવ ગાંધી ભવન પટાંગણમાં ''પ્રાર્થના સભા'' બાદ પત્રકારો દ્વારા પુછાયેલા પ્રશ્નમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, ગુન્હેગારો અને અસામાજીક તત્વોને કોઈ ધર્મ કે કોમ હોતી નથી. ધંધુકા હત્યા મામલો હોય, રાજકોટની ઘટના હોય કે પછી અમદાવાદમાં નરોડા, સુરતની ઘટના હોય તમામ ઘટનામાં જે કોઈ ગુન્હેગારો હોય તેને સખત સજા થાય તે કોંગ્રેસ પક્ષની માંગ છે. ભાજપ સરકાર કાયદો - વ્યવસ્થા સાચવવામાં નિષ્ફળ જાય ત્યારે ધ્યાન ભટકાવવા નીતનવા નાટકો કરે છે ત્યારે રાજ્ય સરકારને સીધો સવાલ છે કે ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસ નિમિત્તે રેડએલર્ટ હતુ તો આ કનેક્શન જે બતાવો છો તેના માટે કોણ જવાબદાર ? હથિયારોની હેરાફેરી કેમ થઈ ? થોડા દિવસ પહેલા પોલીસને રોડ ઉપર મારતા અસામાજીક તત્વોનો વિડીયો દર્શાવે છે કે કઈ હદે અસામાજીક તત્વો બેફામ બન્યા છે. રાજકોટમાં ખુલ્લી તલવાર લઈને ગુંડાગીરી કરતા લોકોને જોયા, સૌરાષ્ટ્રમાં નાયક અને ખલનાયક ઉપર ફાયરીંગ થાય તેવા બનાવો જોયા, ગુંડાગીરી કરનારા લોકો ખુલ્લે આમ ફરે છે અને અનેક કિસ્સામાં આવા અસામાજીક તત્વોને ક્યાંકને ક્યાંક ભાજપ રાજકીય આશ્રય આપતી હોય તેવુ ખુલ્યું છે. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી જાય ત્યાં સુધી સરકાર કેમ ઉંઘી રહી છે ? રાજ્ય સરકારને કોંગ્રેસ પક્ષ વિનંતી કરે છે કે, ગુજરાત અને ગુજરાતીઓને શાંતિ આપો. કાયદો - વ્યવસ્થા જાળવવા માટે સખત પગલા ભરો.

( ડૉ. મનિષ એમ. દોશી )
મુખ્ય પ્રવક્તા